# સોફટ વન એન્ટરપ્રાઇઝ

## <u>વર્ઝન નંબર ૧૧.૧૭ સુધીમાં થયેલ સુધારાઓની યાદી</u>

**<u>કરકપાતની વિગતોની એન્ટ્રી (TDS Details Entry) (e-TDS FVU વર્ઝન ૩.૮ માટે)</u>**

<u>હેડ કોડ</u>: જો કરકપાતની ચુકવણી, રાબેતા મુજબ, (ટીડીએસ ચલણમાં દર્શાવેલ Minor Head Code ૨૦૦ સંદર્ભે) કરવામાં આવી હોય તો "૧" આપવું. પરંતુ જો તે આકારણી અધિકારી દ્વારા કરવામાં આવેલ આકારણીના સંદર્ભમાં (ટીડીએસ ચલણમાં દર્શાવેલ Minor Head Code ૪૦૦ સંદર્ભે) કરવામાં આવી હોય તો "૨" આપવું.

<u>લેટ ફી</u>: લેટ ફી ની રકમ દર્શાવવી.

**<u>કરકપાતનું ત્રિમાસિક રિટર્ન (Form No 26-Q)</u>**

ટીડીએસ ફાઇલ વેલિડેશન યુટિલિટી વર્ઝન ૩.૮ ને અનુરૂપ ફાઇલ બનાવવા જોઇતા ફેરફારો કરવામાં આવ્યા છે.

**<u>ઉગરાણી જમાની વિગતો દર્શાવતો નવો રિપોર્ટ (New Daily Receipts Report)</u>**

આ નવો રિપોર્ટ, રૂટિન રિપોર્ટસ, હેઠળ ઉમેરવામાં આવ્યો છે. તારીખ પ્રમાણે ઉગરાણી જમા દર્શાવવા ઉપરાંત, આ રિપોર્ટમાં દલાલ પ્રમાણે, ઘરાક પ્રમાણે, દલાલ-ઘરાક પ્રમાણે, વગેરે જેવા અનેક ઉપયોગી વિકલ્પો ઉમેરવામાં આવ્યાં છે. વધુમાં જોઇતી / વણજોઇતી કોલમો (વિગતો) પસંદ અથવા રદ કરવાની સુવિધા પણ આ રિપોર્ટમાં ઉપ્લબ્ધ કરાવવામાં આવી છે.

**<u>ચેક પ્રિન્ટીંગ (Cheque Printing)</u>**

કોઇ પણ બેંકના ચેકનું ફોર્મેટ સરળતાથી સેટ કરવાની તેમ જ તેમાં અવારનવાર જરૂરિયાત મુજબ ફેરફાર કરવાની નવી પદ્ધતિ દાખલ કરવામાં આવી છે. નવી પદ્ધતિ કાર્યાન્વિત કરવા, પેરામીટર સેટિંગમાં (પાના નંબર ૨ ઉપર) ચેક પ્રિન્ટીંગ પદ્ધતિ સામે **N** આપવું. જુની પદ્ધતિ ઉપર પાછા જવા **O** આપવું.

**<u>ઘરાકોની બાકી ઉગરાણીનો રિપોર્ટ (Accounts Receivable)</u>**

હવે દલાલ પ્રમાણે અથવા દલાલ-ઘરાક પ્રમાણેના જુના ફોર્મેટના વિકલ્પમાં, Detailed વિકલ્પ હેઠળ, ઘરાકોના ટેલિફોન નંબર પણ દર્શાવવામાં આવશે.

# વર્ઝન નંબર ૧૧.૧૩ સુધીમાં થયેલ સુધારાઓની યાદી

## રસીદ એન્ટ્રી (Bills Collection Entry)

રસીદમાં બિલ નંબર વ્યાજ, વટાવ, ટોટલ રૂપિયા, વગેરે વિગતો નાખ્યા બાદ સેવ કરતાં, હમણા સુધી, કર્સર રોકડ રકમની સામે આવી જતું હતું.પરંતુ, હવેથી કર્સર ચેક નંબરની સામે આવશે. ત્યાર બાદ, જો રોકડની રસીદ હોય તો અન્ય કોઇ પણ વિગત આપવાની જરૂર ન રહેતાં રસીદ સીધી સેવ કરી લેવી. પરંતુ, જો ચેકની રસીદ હોય તો ચેક નંબર આપતાં, રસીદની રકમ, રોકડ રકમ સામેથી નીકળી જશે અને ચેક રકમની સામે પોતાની મેળે આવી જશે. ત્યાર બાદ અન્ય જરૂરી વિગતો આપી રસીદ સેવ કરી લેવી.

## ગ્રાહકની હેલ્પમાંથી પ્રિન્ટ થતું બેલેન્સ લિસ્ટ

ગ્રાહકની હેલ્પમાંથી, ઇચ્છિત ગ્રાહકનું બેલેન્સ લિસ્ટ પ્રિન્ટ કરવાની સવલત હાલ ઉપલબ્ધ છે. પરંતુ, તે લિસ્ટમાં, દરેક બિલ ઉપર થતા વ્યાજની વિગત અત્યાર સુધી મળતી ન હતી. હવે, બેલેન્સ લિસ્ટમાં વ્યાજની રકમ પણ પ્રિન્ટ કરવાનો વિકલ્પ ઉમેરવામાં આવેલ છે. આવશ્યકતા મુજબ, વ્યાજની રકમ અલગ કોલમમાં દર્શાવી શકાશે અથવા અલગ ન દર્શાવતાં બેલેન્સ રકમમાં ઉમેરવાની સવલત પણ આપવામાં આવી છે. વધુમાં, જો જરૂર પડે તો, રજાઓ અથવા અન્ય કોઇ પણ કારણે, વ્યાજની ગણત્રી કરવા વધારાના દિવસો ઉમેરવાની સગવડ પણ આપવામાં આવી છે.